| ગાંધીનગર તાપમાન | |
|---|---|
| મહત્તમ | ૩૭.૫ ડીગ્રી |
| લઘુતમ | ૧૩.૬ ડીગ્રી |
| ભેજ | સવારે ૬૯ ટકા ● સાંજે ૨૮ ટકા |

# પેથાપુર અચલેશ્વર ધામ ખાતે મહાશિવરાત્રીની ભવ્યાતિભવ્ય ઉજવણી






ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના પેથાપુર ખાતે બિરાજમાન અચલેશ્વર ધામ ખાતે બિરાજમાન દેવોના દેવ મહાદેવના પાવન પર્વ મહાશિવરાત્રીની ભવ્યાતિ ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પેથાપુર સમસ્ત બ્રહમસમાજ દ્વારા અચલેશ્વર ધામ ખાતે મહાશિવરાત્રીની ધામધૂમ પૂર્વક ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારથી મંદિરખાતે શ્રધ્ધાળુઓ નો ધસારો રહ્યો હતો.બપોરે ૧૨.૩૦ કલાકે મહાદેવની ધજાનું પૂજન અર્ચન કરી ધ્વજારોહણ અને આરતીનું આયોજન કરાયું હતું.મહાદેવના મંદિર ખાતે આખો દિવસ ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરાયું હતું. સાંજે ૭.૦૦ કલાકથી ચાર પહોરની પૂજાનો શાસ્ત્રોક્ત વિધિ સાથે પ્રારંભ કરાયો હતો આ પૂજાવિધિ સવારે ૬.૦૦ કલાક સુધી ચાલી હતી જેમાં નગરના અનેક શ્રધ્ધાળુઓ એ ભાગ લઈ પૂજાનો લાભ લઈ પાવન થયા હતા. સાંજે ચાર પહોરની પૂજાનો પ્રારંભ થયો ત્યારે મહાદેવની બેહૂબ બહુરૂપીએ લોકોમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું. બહુરૂપીએ શિવતાંડવના નૃત્ય થકી શ્રધ્ધાળુઓમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું.સાથે સાથે ૭.૩૦ કલાકે મહાઆરતીનું આયોજન કરાયું હતું જેમાં નગરજનો મોટીસંખ્યામાં સહભાગી બનીને પાવન થયા હતા મહાઆરતી વેળાએ મંદિરનું સમગ્ર પરિસર માં અપ્રતિમ દ્રશ્ય સર્જાયું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં સમસ્ત બ્રહ્મસમાજના સૌ સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.



સ્માર્ટ કિડ્સ નર્સરી સ્કૂલનો વાર્ષિક કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. અમારા નાના સ્માર્ટ બાળકોના પ્રદર્શન દ્વારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વિશેષ અતિથિઓ અને શાળાના સંચાલક શ્રીમતી સ્નેહા પટેલે દીપ પ્રાગટ્ય અને બાળકોના પ્રાર્થના પ્રદર્શન સાથે ગણેશ વંદના દ્વારા કાર્યક્રમની શરૂઆત કરી હતી. બાળકો અને શિક્ષકોની સખત મહેનત દરેક બાળકના પ્રદર્શનમાં પ્રતિબિંબિત થાય છે અને કોવિડ અસરના ૨ વર્ષ પછી તેમના નાના બાળકોને સ્ટેજ પર આત્મવિશ્વાસપૂર્વક પ્રદર્શન કરતા જોઈને માતાપિતા ખૂબ જ ખુશ હતા. આ કાર્યક્રમ રાષ્ટ્રગીત સાથે સમાપ્ત થયો હતો. અને તે થીમ છે ". Incredible India " અને ત્યારબાદ એક પછી એક બધાં ધમાકેદાર પર્ફોમન્સ નાના બાળકો દ્વારા રજુ કરવામાં આવ્યા હતાં.



૨/૮૪ કડવા પાટીદાર સમાજ દ્વારા આયોજિત લક્ષ્મીબા સભાખંડ ઉદઘાટન સમારોહ તથા ૨૮માં અધિવેશનમાં સી.કે.પટેલ વિદ્યાસંકુલ, ચંદ્રાલા ખાતે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા એ હાજરી આપીને આવા સુંદર કાર્ય દેશના ઉજ્જવળ ભવિષ્યનો પાયો રોપવાનું સત્કાર્ય છે તે બદલ આયોજકોને શુભકામનાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં સાંસદ, ધારાસભ્ય, જિલ્લા પંચાયતના પ્રમુખ, સમાજ અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## ઓલ ઈન્ડિયા નેશનલ ટેક્વોન્ડો ચેમ્પિયનશીપમાં વિજેતા



ગાંધીનગર, તા. ૧૯

તાજેતરમાં અમદાવાદ ખાતે ઓલ ઈન્ડિયા ઓપન નેશનલ ટેક્વોન્ડો ચેમ્પિયનશીપમાં સુધીરે ૪૫ વજન ગ્રુપમાં રમીને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી ગુજરાત રાજ્યનું અને ગાંધીનગર શહેરનું નામ રોશન કર્યું હતું ત્યારે ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન સંસ્થાના ગ્રાન્ડમાસ્ટર પ્રકાશ સંભવાણી, ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવે અને કોચ મિલાપ ટાટારિઆ ટાઈગરએ અનેક શુભેચ્છાઓ પાઠવી હતી.

# મારા જીવનમાં મેં ઈનામો મેળવ્યાં તેના કરતાં અપાવ્યા ઘણાં..!

**ખેલાડી હોવાનું મારું ઘડતર મારા સમાજના સંતાનોના ઘડતરમાં ઉપયોગી બન્યું" તેવું માનતા ગાંધીનગરના એક ક્રિકેટર યુવાઓની કારકિર્દી ઘડતરમાં મોટું યોગદાન આપી રહ્યાં છે : ગાંધીનગરના કચ્છ-કાઠિયાવાડ રાજપૂત સમાજના આ મોભીએ નિવૃતિ પછીનું જીવન જાણે સમાજના સંતાનોને ફાળવી દીધું છે.**




ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સરકારી કર્મચારીનગર હોવાને કારણે અહીં નિવૃત્તોની સંખ્યા સ્વાભાવિક રીતે જ અન્ય શહેરો કરતાં વધુ છે અને જે નિવૃત્ત વડીલો નોકરીમાં મળેલું ’સરકારી અધિકારીત્વ’ છોડી શકતા નથી તે પછી ’હવે શું કરવું’ તે પણ યોગ્ય રીતે નક્કી કરી શકતા નથી, તેના કારણે ક્યાંક તેઓ ઉપહાસનો તો ક્યાંક ઉપેક્ષાનો પણ ભોગ બનતાં જોવા મળે છે. જોકે પાટનગરમાં એવા પણ અનેક નિવૃત્તો છે જેઓએ તેમને જે મળ્યું કે તેમણે જે મેળવ્યું છે તે "ગમતાંનો ગુલાલ" કરવાની કળા કેળવી સમાજને ઉપયોગી બનવા જેવી "નિવૃત્તિ પછીની પ્રવૃત્તિ" અપનાવી લીધી છે. ગાંધીનગરના અશોકસિંહ પરમાર આવા જ એક નિવૃત્ત અધિકારી છે જેમણે સરકારી નોકરી સાથે ક્રિકેટના મેદાનમાં પણ પોતાનું પ્રભાવશાળી કૌવત ઝળકાવ્યું હતું અને હવે પોતાની નિવૃતિ પછીનું જીવન તેમણે જાણે સમાજના સંતાનો માટે ફાળવી દીધું છે અને આજે અસંખ્ય યુવા ઉમેદવારો માટે આદર્શ બનવા સાથે તેઓ તેમની કારકિર્દી ઘડતરનું કાર્ય કરી રહ્યાં છે. સુપ્રસિદ્ધ સાહિત્યકાર અને જ્યાં ગાંધીબાપુ ભણ્યાં હતા તે ભાવનગરની શામળદાસ આર્ટસ કોલેજના અધ્યાપક શતાયુ જીવન જીવેલા તખતસિંહજી પરમાર અને હાલ ૯૪ વર્ષે અડીખમ એવા રામકુંવરબાના ચાર સંતાનો પૈકીના ત્રીજા નંબરે જન્મેલા અશોકસિંહે પણ પિતાની કોલેજમાંથી જ અંગ્રેજી સાહિત્યમાં સ્નાતકની પદવી મેળવી અને શાળાકાળથી જ તેઓ નેશનલ સ્કૂલ ગેમ્સના ક્રિકેટ અને ફુટબોલની રમતના ખેલાડી હોવાને કારણે તેમાં શાળામાંથી છેક સી.કે.નાયડુ ટ્રોફીમાં રમવા સાથે કોલેજ કક્ષાએથી બંને રમતોમાં ભાવનગર યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. આ ઉપરાંત તેમના પિતા એનસીસીમાં કમાન્ડિંગ ઓફિસર હતા તેમની અસર તળે અશોકસિંહે પણ એનસીસીમાં શાળામાં ’એ’ અને કોલેજમાં ’સી’ સર્ટિફિકેટ મેળવ્યું હતું. સ્પોર્ટ્સ ક્વોટાના અધારે કેન્દ્ર સરકારના કસ્ટમ અને એક્સાઈઝ વિભાગમાં નોકરી મેળવતાં અનુસ્નાતકનો અભ્યાસ એક વર્ષ પછી મુકી દેનારા અશોકસિંહે દોઢ જ વર્ષ પછી ગાંધીનગર ખાતે સચિવાલયમાં ડેપ્યુટી સેક્શન ઓફિસરની નોકરી મેળવી લીધી હતી. સચિવાલયમાં નોકરી દરમ્યાન તેમણે ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસ ટુર્નામેન્ટમાં ગુજરાત સેક્રેટ્રીએટ તરફથી ક્રિકેટ રમવાનું ચાલુ રાખ્યું હતું અને સમગ્ર કારકિર્દી દરમિયાન અનેક સિદ્ધિઓ ઈનામોથી સન્માનિત થઈ ચુક્યાં છે. તેઓ સારા વિકેટકિપર હોવા સાથે ઓપનિંગ બેટ્સમેન હતાં અને કેપ્ટન તરીકે પણ યશસ્વી દેખાવ કરીને તેઓ જે વિભાગમાંથી રમતાં તેને ટ્રોફીઓ જીતાડી ચુક્યાં છે. ખોડીદાન ઝુલા, શક્તિસિંહ ગોહિલ, ફકીરભાઈ વાઘેલા અને ભૂપેન્દ્રસિંહ ચુડાસમા જેવા મંત્રીઓના અધિક અંગત સચિવ તરીકે સેવા આપીને શિક્ષણ વિભાગના નાયબ સચિવ જેવા અધિકારી પદે પંહોચીને વર્ષ ૨૦૧૯માં નિવૃત્ત થયાં પરંતુ તે પહેલાં જ તેમની બીજી ઈનિંગ શરૂ થઈ ગઈ હતી જેમાં તેઓ ગાંધીનગર ખાતેના કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજના ટ્રસ્ટી તરીકે કાર્યરત બન્યાં હતા.

અશોકસિંહ જેમને પોતાના માર્ગદર્શક અને આદરણીય ગુરુ જેવા માને છે તેવા રમજુભા જાડેજાએ ૧૯૮૮માં ગાંધીનગરમાં કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજનો પાયો નાંખ્યો હતો અને આ સમાજના હાલના પ્રમુખ ઈન્દુકુમાર ચુડાસમા, રણજિતસિંહ જાડેજા, કલ્યાણસિંહ ચુડાસમા, દીપકસિંહ જાડેજા જેવા અગ્રણીઓ સાથે અશોકસિંહ પણ જોડાયાં હતા અને





રમજુભાએ તેમની આવડતને ઓળખીને તેમને સમાજના યુવા સંતાનોની કારકિર્દી ઘડતર માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીમાં મદદરૂપ થવાના અભિયાનની જવાબદારી સોંપી હતી. સમયાંતરે સરકારે સમાજને સે.૧૭માં ફાળવેલા મકાનમાં જ્યારે ૧૯૯૯માં પહેલી બેચ શરૂ કરી ત્યારે સમાજ પાસે એટલું ફંડ પણ નહોતું અને ઉદઘાટન કાર્યક્રમમાં મંચ પર બેસેલાં દસેક મહાનુભાવો સામે માત્ર પાંચ ઉમેદવારો હતાં. જોકે આ એક શરૂઆત ગણીને તેમણે મહેનત શરૂ કરી દીધી અને ધીમે ધીમે તેમણે સમાજનો વિશ્વાસ જીતવામાં સફળતા મેળવી અને કચ્છ-કાઠિયાવાડના ગામેગામથી ધીમે ધીમે તેમના ભરોસે સમાજના પરિવારો દિકરા-દિકરીઓને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ માટે મોકલવા લાગ્યાં. આજે તો ગાંધીનગરના લેકાવાડા ખાતે કચ્છ કાઠિયાવાડ સમાજનું મોટું અદ્યતન તાલીમ ભવનનું નિર્માણ થઈ ચુક્યું છે જેમાં હાલ ૧૬૭ યુવકો અને ૭૪ યુવતીઓ નજીવા દરે રહેવા જમવા સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમ મેળવી યશસ્વી કારકિર્દી તરફ આગળ વધી રહ્યાં છે.અશોકસિંહે આ યુવાનોની તાલીમ માટે પ્રોફેશનલ- નોનપ્રોફેશનલ અધ્યાપકો-ટ્રેનરોની વ્યવસ્થા ગોઠવવા સાથે પોતે પણ માર્ગદર્શન આપવાનું અને વ્યવસ્થા સંભાળવાનું કામ સુપેરે ઉપાડી લીધું અને તે સાથે તેમને આ સંતાનોને પડતી તકલીફોના ઉકેલ લાવવા, તેમને મદદરૂપ થવું તેમજ તેમની યોગ્યતાને અધારે તેમને કારકિર્દીની દિશા નક્કી કરવામાં માર્ગદર્શન આપવા લાગ્યાં જેના કારણે તેઓ તાલીમાર્થીઓના એટલાં પ્રિય બન્યાં કે તેમને "નિવૃત અધિકારીના જીવન" વિષયે નિબંધ લખવા આપે તો તેઓ અશોકસિંહના જીવન અંગે જ વિચારીને લખાણ લખવા લાગે છે. અશોકસિંહ આ યુવાનોને નિબંધલેખન ઉપરાંત તેમના ગુજરાતી-અંગ્રેજી વિષયના પેપરો તપાસી જરૂરી માર્ગદર્શન આપે છે અને તેમના પર્સનાલિટી ડેવલપમેન્ટ, ઈન્ટવ્યૂ કળા સુધીની તાલીમ અપાવવા સાથે તેમનામા નિષ્ઠાના સંસ્કારોનું પણ સિંચન કરે છે જેના કારણે અત્યાર સુધીમાં તેમના સમાજના સ્પર્ધાત્મક તાલીમ કેન્દ્રમાં તાલીમ મેળવીને કોન્સ્ટેબલથી કલેક્ટર સુધીની નોકરીઓ મેળવનાર આશરે ૨૦હજાર જેટલાં યુવાનો પૈકી હજુ સુધી કોઈ પણ કર્મચારી પર ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યો નથી તેવો અશોકસિંહનો દાવો છે. અશોકસિંહની પ્રેરણાથી અહીં તાલીમ મેળવી સરકારી નોકરી મેળવનાર વિદ્યાર્થી પછી સમાજના અન્ય નબળાં પરિવારના સંતાનોની તાલીમના ખર્ચને હોંશે હોંશે ઉપાડી લે છે.

સ્વભાવે રમૂજી અને દરેકના મિત્ર બની જવાની ખૂબી અશોકસિંહની દિકરી કવિતાબા પણ માર્ગ-મકાન વિભાગમાં સેકશન ઓફિસર છે જેમણે જાણીતા ગુજરાતના ક્રિકેટર રોહિત દહિયા સાથે લગ્ન કર્યા છે અને દિકરો ચંન્દ્રમૌલિસિંહ એલડીઆરપી કોલેજમાં આસિસ્ટન્ટ લેકચરર છે. પોતાના જીવનમાં ધર્મપત્નિ ભારતીબેન જેઓ ગોલ્ડમેડાલિસ્ટ અનુસ્નાતક હોવા સાથે જીઈબીના આસિસ્ટન્ટ સુપ્રટેન્ડન્ટ પદેથી નિવૃત્ત થયાં છે તેમનો દરેક પગલે સાથ મળ્યો છે તેવુ જણાવતાં અશોકસિંહ પરમાર કહે છે કે "મેં મારા જીવનમાં જેટલાં ઈનામો મેળવ્યાં છે તેના કરતાં મારા સમાજના યુવાનોને તૈયાર કરીને વધુ ઈનામો અપાવ્યાં છે."

પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com

## જન્મદિને વધામણી



કાંતિભાઈ પટેલ
એડવોકેટ
મો. ૯૪૨૭૦ ૦૬૩૭૫



કમલનયન બ્રહ્મભટ્ટ
એડવોકેટ
મો. ૯૮૨૫૦ ૫૧૦૮૫




અરના મનસુરી
મો. ૮૭૮૦૨ ૬૬૬૨૪



કેયુર એમ. ખખ્ખર
મો. ૯૭૨૫૬૫૩૫૮૦



કૃતજ્ઞા વસાવડા



દિશા દિનેશભાઈ સાકરીયા

## ગાંધીનગર ટેક્વોન્ડો એસો. સંસ્થાના સેક્રેટરીનું બહુમાન




તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલ ઓલ ઈન્ડિયા ઓપન નેશનલ ટેક્વોન્ડો ચેમ્પિયનશીપમાં બાપુનગર વિધાનસભા ના ધારાસભ્યશ્રી દિનેશસિંહ કુશવાહ સાહેબ ના વરદહસ્તે ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન સંસ્થાના સેક્રેટરી મિલાપ ટાટારિઆ ટાઈગરને મોમેન્ટો અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા તે બદલ મિલાપ ટાટારિઆ ટાઈગરે આયોજક ભાસ્કર પરમાર સાહેબનો ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. સેનમા રમીલાબેન અમૃતભાઈ, ઉ.વ.૫૮, ગાંધીનગર
- સ્વ. લખતરીયા રંભાબેન તળશીભાઈ, ઉ.વ. ૮૭, ગાંધીનગર
- સ્વ. મિસ્ત્રી રામનારાયણ મોહનદાસ, ઉ.વ.૬૩, પેથાપુર
- સ્વ. મકવાણા હસુમતીબેન નરેન્દ્રભાઈ, ઉ.વ.,૫૬, અડાલજ
- સ્વ. ચાવડા અરવિંદજી પરબતજી, ઉ.વ. ૬૨, લાકરોડા, માણસા
- સ્વ. મહાજન મંગળાબેન મધુકર, ઉ.વ.૫૨, ગાંધીનગર